કોલેજનું નામ : ભવન્સ શેઠ આર. કે. કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, ખાનપુર, અમદાવાદ

દર વર્ષે આપવાના મેડલની વિગત. એપ્રિલ, ૨૦૦૫ના પરીણામના આધારે.

૧. ટી.વાય.બી.એ. (અંગ્રેજી સ્પેશીયલ) માં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને
પ્રો. ભાનુબેન દલાલ તરફથી :- સ્વ. શ્રી અજીતભાઈ દલાલ મેડલ
ચાંદનાની દીપા ચંદેરલાલ

૨. ટી.વાય.બી.કોમ.માં : રેગ્યુલર વિદ્યાર્થીઓમાંથી સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને
પ્રો. ભાનુબેન દલાલ તરફથી :- સ્વ. શ્રી અજીતભાઈ દલાલ મેડલ
ચિંતામણી જસ્મીના મહેમદભાઈ

૩. એસ.વાય.બી.કોમ.માં : ટેક્ષેસન વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનારને
પ્રો. એન. આર. વકીલ તરફથી મેડલ
પટેલ કૌશલકુમાર મહેન્દ્રભાઈ

૪. ટી.વાય.બી.કોમ.માં : એકાઉન્ટ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને
પ્રો. રીટાબેન આર. પરીખ તરફથી : શ્રીમતી ત્રિલોચના આર. પરીખ મેડલ
પરીખ ગૌરવકુમાર પરેશકુમાર

૫. ટી.વાય.બી.કોમ.માં : એકાઉન્ટ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીનીને
પ્રો. રીટાબેન આર. પરીખ તરફથી : શ્રીમતી ત્રિલોચના આર. પરીખ મેડલ
પટેલ હેતલબેન રામભાઈ

૬. ટી.વા.બી.એ. : બંને માધ્યમમાં અર્થશાસ્ત્ર વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનારને
સેજલબેન જે. સોની મેડલ
દિવ્યા એલ. ગોપાલક્રિષ્ણન પીલ્લાઈ

૭. ટી.વાય.બી.કોમ.માં : બીઓએમ વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીનીને
પ્રો. રીટાબેન આર. પરીખ મેડલ
પટેલ ભૂમિકાબેન અરવિંદકુમાર

૮. ટી.વાય.બી.કોમમાં : બીઓએમ. વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીનીને
પ્રો. રીટાબેન આર. પરીખ મેડલ
વણઝારા મુકેશ શ્રવણકુમાર

'ગઝલ'

OOOOOO 'એ શરમ'

એના નિર્દોષ પ્રેમને, અટકાવતી હોય એ શરમ,
એકાંતની ક્ષણોમાં, ન સચવાતી હોય એ શરમ,
સ્નેહ અશ્રુનો ઉમટે મહાસાગર એનાં નેત્રોમાંથી,
ને આંખની અટારીએ, અટવાતી હોય એ શરમ,

શહેરની ચહલ-પહલથી, શરમાતી હોય એ શરમ,
મિલનની પળોનાં સુખને, દફનાવતી હોય એ શરમ,
એનું હૃદય ગદ્‌ગદ્‌ બને અંદરથી મળવા માટે,
ને ન મળી શક્યા ના રંજથી, અકળાવતી હોય એ શરમ,

દિલના ઉમંગને દબાવી, સળગાવતી હોય એ શરમ,
પ્રેમ પ્રતીક સમા દિલને, દૂરથી મલકાવતી હોય એ શરમ,
ન ઓછુ થવા દે એ બે પ્રેમીઓ વચ્ચેનું અંતર,
વારંવાર ના પ્રયત્નો પછીય કકળાવતી હોય એ શરમ,

દિલડાંના આવેગને પ્રેમથી, પસવારતી હોય એ શરમ,
પ્રેમના મજબૂત વલણને લલકારતી હોય એ શરમ,
આજ શરમ જ નડી છે. બધાંને પ્રેમમાં 'નરસુ'
હોય ફાસલો ભલે બે દિલ વચ્ચે, નવરાવતી હોય તોય એ શરમ.

... તો બસ ...

લહેણું આમને આમ લેવાય તો બસ,
તું મારા દિલમા ડોહળાય તો બસ,
મળે, ના રહે પછી બીજી એકેય તમન્ના
આ જિંદગીમાં પ્રિયે! તુ મેળવાય તો બસ,
મિલનનાં સપનાં મનમાં કેળવાય તો બસ,
બસ, આટલો પ્રેમનો રસ્તો કપાય તો બસ,
ઘણું રડ્યો છું જિંદગીમાં હું તારાવગર,
તું મળે મને ને, ઘડીક હસાય તો બસ,
તારા હૃદયમાં પ્રેમથી મુજ દિલ ભીંજાય તો બસ,
તારા વાંકડિયા કેશમાં 'નરસું' ફસાય તો બસ,
હું તો કંઈ કહી ન શક્યો પ્રેમ વિશે તને,
બસ, છેવટે તુજથી પણ કંઈક કહેવાય તો બસ.

''આશા છે''

હારી ગયુ છે મન છતા જીવવાની આશા છે.
અંધકારમય ભવિષ્ય છે, છતા ઉજાસની આશા છે.
ડૂબી રહી છે નાવ, છતાં તણખાની આશા છે.
દૂર છે મંજિલ છતાંયે પામવાની આશા છે.
બુજી ગયો છે દિપક છતાં એક કિરણની આશા છે.
છેલ્લા શ્વાસે છે જિંદગી છતાં વધુ જીવવાની આશા છે.

ચાવડા અજીત એમ.
(એફ.વાય.બી.કોમ., રોલ નં. ૩૮)

સનમ બેવફા

- નિગાહે મિલાકર કિયા દિલકો ઝખમી,
  અદાયે દિખાકર સિતમ ઊઠા રહે હો.
  વફાઓ કા કયા ખુબ બદલા દિયા હૈ,
  તડપતા હુઆ છોડકર જા રહે હો.

- તુ જો સલામત તો પ્યાર સલામત,
  તેરી બાહે મેરી પનાહે,
  તુને હમકો ઈતના ચાહા,
  ઔર ખુદા સે કમ કયા ચાહે,
  નામ વફા કા તુમસે હૈ જિંદા,
  તુમ પે હૈ જહાં કુરબાન.

- ન દોલત ન કોઈ તાજમહલ છોડ જાયેંગે.
  હમ અપની યાદગાર ગઝલ છોડ જાયેંગે.
  તુમ આજ જીતની ચાહે હમારી હસી ઊડાઓ.
  લેકીન રોતા હુઆ હમ તુમે કલ છોડ જાયેંગે.

- કભી કમલ તો કભી જાને શરાબ લગતી હૈ,
  યે તેરી આંખ બહારો કા ખ્વાબ લગતી હૈ!
  મેં રહુ યા ના રહુ લેકીન લડખડાકે ચલતા જરૂર હું.
  ક્યોંકી તેરી આજુબાજુ કી હવા શરાબ લગતી હૈ!

- પીને ગયા થા મેહખાને મે તો મેહકી બદબુ આતી થી!
  જબ પીકે લૌટા બહાર તો જન્નત નજર આતી થી.

- બે રૂખી કી જિંદગી હમ જીયા નહિ કરતે
  જામ દૂસરો કે પિયા નહિ કરતે,
  ઉન્હે મોહબ્બત હે તો ઈતીહાર કરે,
  હમ ઉનકે પીછે જાયા નહિ કરતે

- એક બેવફા કે ઝખ્મો પર મરહમ લગાને હમ ગયે,
  મરહમ તો ન મીલા લેકીન મરહમ કી કસમ મર હમ ગયે.

- સુરજ આગ દેતા હે સહના જમીન કો પડતા હે
  નિગાહે પ્યાર કરતી હે, તડપના દિલકો પડતા હૈ.

- લાલ ઝોડે મે ચલદી મુઝે છોડકર
  મેરે બચપન જવાની સે મુહ મોડકર
  લડ તો શકતા થા દુનિયા મે તેરે લીયે
  મેરે નસીબ મે ના થી તુ મેરે લીયે

પટેલ અકિલેશ કે.
(એસ.વાય.બી.કોમ., રોલ નં. ૮૩)

# "મા, મને જન્મવા દે ..."

મારાં વહાલાં

મમ્મી-પપ્પા,

આ પ્રકારનાં સંબોધનથી તમે એવું ન સમજી લેશો કે જન્મ લેતાં પહેલાં જ હું તમને મસ્કો મારી રહી છું. ના, સહેજ પણ નહીં ... તમે મારી ભૃણ હત્યા કરો કે જન્મ આપો, તમે મારાં માટે વહાલાં છો જ ... છેવટે તો મારો પિંડ તમારા વડે જ બંધાયો છે ને?

શાસ્ત્રો પણ કહે છે કે કયો જીવ ક્યાં અને ક્યારે જન્મ લે છે તે નક્કી જ હોય છે. તમે મારી હત્યા કરશો તો પણ હું તમને દોષિત નહીં માનું, હું એમ સમજીશ કે મને મારા ગત જન્મનાં કર્મની જ કોઈ સજા મળી રહી છે. તમે મને જન્મ લેવાં દેશો તો હું એમ સમજીશ કે આપણી વચ્ચેનાં ઋણાનુબંધ હજુ પુરા થયા નથી. હજુય તમારી લાડકી દીકરી બનીને વહાલનો દરિયો થઈ વિસ્તરવાનું સુખ મારે તમને આપવાનું છે. મમ્મી-પપ્પા, ગત જન્મનાં મારાં કોઈ સત્કર્મો અને પુણ્યબળને કારણે જ તો આ ભવમાં ભૂલા પડ્યા વિના હું તમારા ઘરમાં જન્મવા થનગની રહી છું. તમારામાંથી એકેય જણ મને જોઈ શક્યું નથી. હા, મમ્મી મને અનુભવી શકતી હશે. કારણ કે હું એની મમતાભરી હથેળીઓનો મીઠો સ્પર્શ ગટગટાવી રહી છું. મમ્મીનાં એક આછા સ્પર્શથી માત્રથી મારા અસ્તિત્વનાં બત્રીસે કોઠા ઝંકૃત થઈને ઝળહળવા માંડે છે! મને થાય છે કે ક્યારે હું દુનિયામાં પ્રવેશ પામું અને 'જગતજનની'નું ગૌરવભર્યું માન જેને મળ્યું છે એનાં દર્શન કરૂં!

પણ આતો ત્યારેજ શક્ય બને, જ્યારે તમે મને જન્મવા દો. મમ્મી, મારે તને એક વાત કરવી છે. એને તું ફરિયાદ સમજીને મને અન્યાય ન કરીશ, યાદ છે ને તમે, ગયા અઠવાડિયે તું અને પપ્પા રાતનાં એકાંતમાં બેસી મારી જ વાતો કરતાં તાં ... પપ્પાએ તને પૂછેલું : "બાબો, હશે તો શું નામ પાડીશું?" ત્યારે તે સહેજ પ્રેમાળ ગુસ્સો કરીને કહ્યું તું : "બાબો જ કેમ, બેબી હશે તોય નામ તો વિચારવું જ પડશે ને?" તારી લાગણીમાં એક નહીં જન્મેલી જિંદગીનો શ્વાસ હતો, એનો પપ્પાને અણસાર પણ ન આવ્યો અને એમણે તરત જ તને કહી દીધું. "આપણે આવતીકાલે જ સોનોગ્રાફી કરાવીને જાણી લઈશું કે બાબો છે કે બેબી.."

અને બીજા દિવસે તમે બંને જણા પહોંચી ગયા ગાયનેકોલોજીસ્ટને ત્યાં મારી નહીં જન્મેલી જિંદગીનો ફેંસલો કરવા...'

ડૉકટરે સોનોગ્રાફીનો રિપોર્ટ આપતાં કહ્યું : "બેબી છે ..." અને તરત જ પપ્પાએ એબોર્શન કરાવવાની વાત કરી. તને મૂંઝવણીભરી સ્થિતિમાં જોઈને પપ્પાનું રૂવાડુંય ન ફરક્યું ... જો કે મને પપ્પા પર સહેજ પણ ખોટું નથી લાગ્યું...

પણ મને દુઃખ એ વાતનું થયું મમ્મી, કે એમણે તારી મરજી, તારી ઈચ્છા, તારી આશા વિશે કંઈ વિચાર્યું જ નહીં?

પપ્પાના સુખે સુખી અને એમનાં દુઃખે દુઃખી થવાના સંકલ્પ સાથે સપ્તપદીનાં તું ફેરા ફરી ... અને એટલે જ જ્યારે પપ્પાએ ડૉકટરને એબોર્શન માટેની તારીખ નક્કી કરવાનું કહ્યું ત્યારે આંખમાંથી ઉભરાતાં આંસુને લૂછી, કંઈ પણ બોલ્યા વિના તે મૂકસંમતિ આપી.

પણ, મમ્મી તને અને પપ્પાને હું વિનંતી કરું છું કે મને જન્મ લેવા દે ... તમારું કુળ ઉજાળીશ. તમારા જીવનાં પ્રસન્નતાનાં પારિજાત ખીલવી દઈશ ... હું સાચા અર્થમાં 'લક્ષ્મી' થઈને અવતરીશ... પ્લીઝ મને એક તક આપો ... મને જન્મવા દો ... મને જન્મવા દો ... મને જન્મવા દો ... માં, મને જન્મવા દો...

હેતલ એન. સતાસિયા
(એફ.વાય.બી.કોમ.)

# ૩૬૫ વર્ષના દિવસોમાંથી વિદ્યાર્થીઓ માટે વિચિત્ર વર્ષની ગણતરી

વિદ્યાર્થી નાપાસ થાય તેમાં તેનો કોઈ દોષ નથી કારણ કે વર્ષમાં ફકત ૩૬૫ દિવસ હોય છે.

| | | |
|---|---|---|
| રવિવાર | : | વર્ષમાં ૫૨ રવિવાર આવે છે. અને તે આરામના દિવસો હોય છે એટલે ૩૬૫માંથી રહ્યાં ૩૧૩ દિવસ. |
| ઉનાળું વેકેશન | : | ૫૦ દિવસનું ઉનાળુ વેકેશન હોય એટલે ગરમી ખૂબ હોય અને ભણવું મુશ્કેલ બને આથી બાકી રહ્યા ૨૬૩ દિવસ. |
| ઊંઘ | : | દરરોજ ૮ કલાકની ઉંઘ જોઈએ એટલે કે વર્ષમાં ૧૨૨ દિવસ ઉંઘના થાય તો બાકી રહ્યાં ૧૪૧ દિવસ. |
| રમતગમત | : | દરરોજનાં ૧ કલાક રમવા પાછળ જાય, સારી તંદુરસ્તી માટે રમવાના દિવસો વર્ષમાં ૧૫ દિવસ થાય તો બાકી રહ્યા ૧૨૬ દિવસ. |
| ખાવા-પીવામાં | : | દરરોજ લગભગ ૨ કલાક ખાવા-પીવા માટે કારણકે ખાવાથી જીવન મળે, ચાવીને શાંતિથી ખાવા માટે ૩૦ દિવસ વર્ષમાં થાય તો બાકી રહે ૯૬ દિવસ. |
| વાતચીત | : | વિદ્યાર્થી એ માનવી છે અને માનવી સામાજિક પ્રાણી છે તે લગબગ ૧ કલાક વાતચીત કરે છે એટલે કે વર્ષમાં ૧૫ દિવસ તો બાકી રહ્યાં ૮૧ દિવસ. |
| રજાઓ | : | દિવાળી, હોળી, નવરાત્રિ, ઉત્તરાયણ જેવાં અન્ય ધાર્મિક તહેવારોનાં વર્ષમાં ૪૦ દિવસ તહેવારોના થાય. તો બાકી રહ્યાં ૪૧ દિવસ. |
| માંદગી | : | વર્ષમાં ૩ દિવસ માંદગીના તો થાય જ તો બાકી રહે ૩૮ દિવસ. |
| મોજશોખ | : | વર્ષમાં ૨ દિવસ મોજશોખમાં જાય એટલે કે ફિલ્મો, ટી.વી. જોવામાં વગેરે તો પછી બાકી રહ્યા ૩૬ દિવસ. |
| પરીક્ષાઓ | : | હવે આ બાકીના ૩૬ દિવસની અંદર કુલ ૩૫ દિવસની પરીક્ષાઓ પાછળ બગડે છે. તો બાકી રહ્યો ૧ દિવસ. |
| ૧ દિવસ | : | અને આ બાકી રહેલો ૧ દિવસ એટલે કે મારો જન્મદિવસ અને આ દિવસે મારી પાર્ટી હોય. |

આમ, તમે જ વિચારો કે વિદ્યાર્થી ક્યારે વાંચે? અને પરીક્ષામાં કેમ કરી પાસ થાય?

પટેલ ગાયત્રી વી.
(એફ.વાય.બી.કોમ.)

દિપક : તારી પાસે પ્રજ્ઞા (જ્ઞાન)નો પ્રકાશ હશે તો તને કોઈ અંધકારનો ભય નહીં રહે.

ફૂલ : તારી પાસે ચારિત્ર્યની સુગંધ હશે તો આયુષ્યની અવધિ પૂર્ણ થયા પછી પણ તારું અસ્તિત્વ મહેંકતું રહેશે.

અગરબત્તી : મારી જેમ પોતે બળીને બીજાને સુવાસ ભલે ના આપી શકાય, પરંતુ બીજાની સુવાસ જોઈને પોતે બળવાની શી જરૂર છે?

પ્રસાદ : નાનામાં નાની વ્યક્તિ સુધી એવી રીતે પહોંચી જવું છે જેથી તેને આનંદ થાય.

મંદિર : લોકો મને પવિત્ર કહે છે, પણ હું તો એમ કહીશ કે જે જે પવિત્ર છે તે તમામ સ્થળો મંદિર છે. મને અને હૃદય જો પવિત્ર હશે તો તમારે મારા સુધી આવવું નહીં પડે.

મૂર્તિ : તમે લોકો મારી પૂજા શા માટે કરો છો? હું તમને કશુંય આપી નહીં શકું, તમારી ફરજો અદા કરો, એ જ મારી પૂજા છે.

ધજા : ઊંચાઈ સર કરવી હોય તો નમ્ર અને હળવા રહો.

ઘંટ : કોઈ તમને વહાલથી સ્પર્શ કરે અથવા તો શ્રદ્ધાથી તમને મળવા આવે તો મીઠા રણકાર વડે એનું અભિવાદન કરો.

મંત્ર : લોકો મને શક્તિ અને સામર્થ્યનો ખજાનો સમજે છે. હકીકતમાં મારો ખાસ તો પુરૂષાર્થ છે. મારે તો તમારા પુરૂષાર્થની આજ્ઞાઓ જ પાળવાની હોય છે.

સ્વસ્તિક : કદીય સંકુચિત ન બનો. મારી જેમ ચારેબાજુથી શુભત્વને ગ્રહણ કરવા ખુલ્લા મનના રહો.

કળશ : તમારી પાસે જેનો જેનો સંગ્રહ-સંચય હોય, તેનો બીજીઓના લાભાર્થે ઉપયોગ કરો.

સૂર્ય : પ્રાચીન ભલે થાવ, વાસી ન થાવ. તમારી જાતને સદા અપડેટ કરતા રહો.

ગ્રંથ : કોઈને ગેરમાર્ગે ન દોરો.

મનીષ ભાસ્કરભાઈ પરાટે
(એસ.વાય.બી.કોમ., રોલ નં. ૭૭)

लाल

ओ माँ तेरे ये लाल अब पीले पड़ गए है ।
कारण इनके दिमाग के पेच ज़रा ढीले पड़ गए है ।

तुम रुणी नहीं हो
मगर ये तुम्हे भुलाते रहे है
कारण बहुत पहले से, तुम्हे बेच कर खोत रहे है ।

ओ माँ तेरे यो लाल अब नीले पड़ गए है
कारण इनके अंदर मे मशीन जरा गिले पड गए है
तुम हारी नहीं हो
मगर ये तुम्हे हराते रहे है ।
कारण ये तुम्हारे दुश्मनो से हाथ मिलाते रहे है ।

ओ माँ तेरे ये लाल अब काले पड़ गए है ।
कारण इनके अकल पर न खुलने वाले ताले पड़ गए है ।
तुम हमसे अलग नहीं हो ।
मगर ये तुम्हें छिपाते रहे हैं ।
कारण ये तुम्हारें बेटों को आपस में लड़ाते रहे है ।

ओ माँ, मगर तू चिंता न कर
तेरे कुछ लाल अब भी लाल है ।
कारण इन्हे ये आपस में लङा नहीं सकते ।
ये तुम्हारे दुश्मनो से हाथ मिला नहीं सकते
ये तुम्हे बेच कर खा नहीं सकते ।

अतः तू फिर खडी होगी, लडेगी, विजयी होगी

- शहनीत

## हे, गुजरात की शान

हे गुजरात की शान, मिला सरस्वती का वरदान
बस गया मन मैं, भवन्स कोलेज का नाम

सबसे पुराना कोलेज यह,
पवित्र ज्ञान का आलय।
प्रेम-शांति का पाठ पढाएँ
ऐसा पावन कोलेज यह।

इसने बनाए डोकटर, इंजीनियर,
श्रेष्ठ अध्यापक व फिजीशीयन।
कुशल प्रशासक और कलाकार,
करता कितनो के सपने साकार।

कर दिखाए ऐसा कुछ,
फिर न हो कोई मंजिल दूर।
दूर-दूर तक जाए हम,
रोशन कर दिखाए नाम हम।

अब शिखर पर हो इसका नाम
दिलो में बसे भवन्स कोलेज का नाम
यही हैं गुजरात की शान

सीमा राजपुत
(अमृतासींग)

# बापू

हमारे प्यारे गांधी बापू
लगते है सबके बापू
बच्चो के मन में बसे बापू
बापू के आदर्श निराली
लगते है सबको न्यारी
बापू थे अहिंसा के पुजारी
बापू ने ये अच्छी कही
सारे जगमें प्रेम ज्योत जला दो
भेदभाव को भुला डालो
सत्य की होती जीत हंमेशा
हार होती झूठ की हंमेशा
बापू के तीन बन्दर है, मगर बडे सियोन
पहला कहता बूरा न देखो,
दूसरा कहता बूरा न सुनो,
तीसरा कहता बूरा न कहो,
ये तीन बन्दर के बात न्योर
लगते हैं सबको प्योर
बापू ने ये सच्ची कही
झूठ कभी न बोलना भाई
बापू के कहे मार्ग मे चलेगे
तो सुख समृद्धि हंमेशा मिलेगे
बापू के आदर्श निराली
लगती है सबको न्यारी
बच्चो के प्यारे बापू

- शहनाज़

# वक्त

करके पंख पसार,
        उड जाऊ सागर पार ।
मगर वक्त कहता मुझे,
        मत बिछड मुझसे मेरे यारा ।
ईच्छाओ के सागर में,
        गोता लगाना चाहता हूँ,
पर वक्त मुझसे कहता,
        मैं भी साथ आना चाहता हूँ ।
क्या कहुं क्या ना कहुं,
        ये वक्त मुझे सताता है,
उससे बिछडकर कैसे जाऊ,
        यह हर पर पास बुलाता है ।
वक्त से बनी जींदगी धूलसी,
        तो फीर बंदगी क्या करु आज खुदाकी ।
आज वक्तने इतना सताया है,
        पर कल यही साथ देनेवाला है ।
अब तुम्ही बताओ मुझे मेरे यार,
        अब कैसे छोड दु वक्त को मेरे यार,
या करके पंख पसार,
        उड जाऊ सागर पार ॥

मिथुन एस. रावल
(एस.वाय.बी.कोम. रोल नं. १६६)

# समय

समय कहीं रुकता नहीं,
यह पिछे मुड़ता नहीं ।

एक बार जो गुज़र जाता है,
वह वापस कभी लौटा नहीं ।

समय कि यही है एक अनोखी अदा,
कि वह किसी के लिए रुकता नहीं ।

रोक ना सका आज तक इसे कोई,
क्योंकि, जमाना इससे है, यह जमाने से नहीं ।

आज यहाँ कब कया हादसा हो जाए,
यह किसी को मालुम नहीं ।

यही तो है हमसफर जीवन के सफर का,
हमें इसके साथ ही तो चलना है ।

हमें भी यह अवश्य साथ देता रहेगा,
बस थोड़े से हौसले की जरुर है ।

यही तो है जिसके लिए सब लुट गए एक,
फिर भी यह किसीको हांसील नहीं ।

मिथुन एस. रावल
(एस.वाय.बी.ए., रोल नं. १६६)

## ‘‘जीवन में समय का महत्त्व’’

एक बार तीन अमेरिकी यात्री भारत की यात्रा के लिए आए। वे तीनो व्यक्ति यहाँ की संस्कृति को जानना चाहते थे। इसलिए वे एक आश्रम में गए और वहाँ महात्मा से उन्होंने बात की। पहले महात्मा ने तीनो से प्रश्र किया कि ‘‘तुम यहाँ कितने दिनो के लिए आए हो?’’ तभी पहले व्यक्तिने कहाँ मेरे पास बहुत समय है इसलिए मैं तो दो महीने यहाँ रहूँगा और यहाँ की संस्कृति को जानूगा। तब संतने कहाँ तुम यहाँ के विषय में कुछ जान पाओगे। दूसरेने कहाँ मेरे पास थोडा बहुत समय है इसलिए मैं यहाँ एक महिने हीं रह सकता हूँ। तब संतने कहाँ, तब तुम यहाँ की संस्कृति को और अच्छी तरह से जान सकोगे। अंत में तीसरे व्यक्तिने कहाँ मेरे पास समय नहीं है, इसलिए मैं केवल १० दिन रुकूगाँ तभी संतने कहाँ तुम तो अच्छी तरह से यहाँ के बारे में जान पाओंगे।

इस बात को सुनकर तीनो यात्री चोंके और कहाँ महाराज आपने कहने में थोडी गलती हुए है। तब उन्होंने कहाँ कि ‘‘मुझसे कहने में कोई गलती नहीं हुई।’’ जो व्यक्ति अपने जीवनमें समय का महत्त्व समझता है और उसका उपयोग करता है। वह अपने जीवन में बहुत कुछ सीख सकता है। इसलिए हमें समय का महत्त्व समझना चाहिए और उसका पूरा-पूरा उपयोग करना चाहिए।

## भला चाहनेवाले

हम नहीं जानते-पहचानते
हमारा भला चाहनेवालों को

जो भेजते हैं शुभकामना संदेश आदि,
वे भी नहीं जानते कुछ खास हमारे बारे में

फिर भी हमें शक नहीं
क्यों करें एतराज भी
कि वे हमारा इतना भला क्यों चाहते हैं।

जो भला चाहते है
उन्हे इससे फर्क नहीं पडता
कि जो उन्होंने चाहा क्या हुआ उसका

जिनका भला चाहा
उन्हे भी मतलब नहीं इससे
कि शुभकामनांओ से
क्या बेहतर हुआ जिंदगी में उनका

बस दस्तुर है यही सबका
मौके-बे-मौके बताए
कि वे शुभ चिंतक है हमारे

अमृता
(ऐफ.वाय.बी.कोम.)

## “શેઠ હાઉસ”
## ૧૦માર્ચ ૧૯૪૧

‘શેઠ હાઉસ’ ૧૯૪૦ના દાયકામાં માયાવી નગરી મુંબઈમાં લોકચર્ચે ચઢેલું પ્રખ્યાત અને કુખ્યાત નામ. પ્રખ્યાત એ માટે કે તે મુંબઈના સૌથી સમુદ્ધ અને મેયર તરીકે ચુંટાઈ આવેલા વ્યકિતની માલિકીનું હતું.અને કુખ્યાત એટલા માટે કે તે સમયે આ નામ પર ‘લોહીના ડાઘા’પણ પડયા હતા. જે હજુ સુધી ભુંસાયા ન હતા. આવા ઘરના માલિક અને મુંબઈના સૌથી સમૃદ્ધ વ્યકિત અને મેયરની સાથે સાથે એક સમાજસેવક તરીકે પ્રસિદ્ધિ પામેલા વ્યકિતનું નામ હતું ધનસુખલાલ શેઠ. જેના એક ઈશારે જીવતાને મારી નાખવામાં આવતો અને મરતાને બચાવી લેવામાં આવતો. દુનિયા માટે તેઓ મેયર હોવાની સાથે સાથે એક સમાજસેવક હતા. પરંતુ પડદા પાછળનો ખેલ કંઈક જુદો જ હતો. સમાજસેવાના પડદા પાછળ મર્ડર, ડ્રગ્સ, ચરસ, દારૂની હેરાફેરી, ઘાતક હથિયારો અને વિદેશી દારૂની હેરાફેરી જેવા કૃત્યો રચાતા. પરતું આ બધા પર રાજકારણની જાદુઈ છડી એવી રીતે ફરી જતી કે કોઈને તેની ગંધ પણ ન આવતી. અને આ બધામાં સાથ આપતી મિસીસ શેઠ. મંજુલાબેન ધનસુખલાલ શેઠ. તેઓ પણ એક સમાજ સેવીકા હતા.અને મુંબઈમાં ‘મહિલા વિકાસ મંડળ’ નામની સંસ્થા ચલાવતા. તેઓ આ સંસ્થા માટે જેટલી રકમ દાનમાં આપતા તેમાંની મોટાભાગની રકમ આવા કૃત્યો કરવા પાછળ ખર્ચાતી. મિ. શેઠ અને મિસીસ શેઠને બે બાળકો હતા. એક દીકરી હતી. જેનું નામ મુગ્ધા અને બીજો દીકરો જેનું નામ હતું અજય. બંને જણાં નાનપણથી જ લંડનની બોર્ડિંગ સ્કુલમાં હતા. તેથી તેઓના માતા પિતાના ‘નકાબ’થી અપરિચિત હતા. આ નકાબ પાછળનો ચહેરો કયો છે તે જાણતા ન હતા.

એક દિવસ ‘મહિલા વિકાસ મંડળ’માં એક બાવીસેક વર્ષની અનિતા નામની છોકરી આવી. તે મિસીસ શેઠના ‘બહાર’ના સ્વભાવથી પ્રેરાઈને કંઈક આશા સાથે આવી હતી. તે નોકરી મળવાની આશા લઈને આવી હતી. તે સીધી જ મિસિસ શેઠના ઓફિસમાં ગઈ. ‘મેં આઈ કમ ઈન મેમ’. અનીતાએ વાણીમાં મીઠાસનું મધ રેડીને અંદર આવવા માટે રજા માંગી. સામેથી એટલી જ મીઠાસવાળો આવકાર મળ્યો. ‘યસ, વ્હોટ કેન આઈ ડુ ફોર યુ ’‘મેડમ, આઈ એમ અનિતા’ . અનિતા જયસ્વાલ. આઈ એમ કમિંગ ફ્રોમ અ મિડલકલાસ ફેમિલી એન્ડ આઈ વોન્ટ અ જોબ’ અનિતાએ ઈમ્પ્રેશન પાડવા અંગ્રેજીનું જ્ઞાન ધરી દીધું. મિસીસ શેઠે થોડું વિચારીને કહ્યું ‘ઓ.કે. તમે આજે સાંજે આઠેક વાગે મારા ઘરે આવી જાવ. તે દિવસથી જ અનિતા ગુમ થઈ ગઈ હતી. તેના પીતા કરમચંદના માથે તો જાણ્યે આભ તૂટી પડયું . કરમચંદ જયસ્વાલ બોરીવલીમાં કાપડનો છુટક વેપાર કરતા હતા. તેમનો ધંધો ખોટમાં ચાલતો હતો. તેમના માટે અનિતા દીકરી ગણો કે દીકરો એક જ હતું. તેમણે બોરીવલીના પોલિસ સ્ટેશનમાં અનિતાના ગુમ થયાની ફરિયાદ લખાવી. ઈન્સ્પેકટર રાઠોડે અનિતા વિશે પુછપરછ કરી. ઈન્સ્પેકટર રાઠોડ આ એરિયાના નવા અને કાયદાની બાબતમાં ખૂબજ ચુસ્ત હતા. તેઓ કોઈ નેતાને પણ સાંખી લે તેવા ન હતા. પૂછપરછમાં કરમચંદે જણાવ્યું કે તેની દીકરી અનિતા મિસિસ શેઠના ઘરે સાંજે આઠેક વાગ્યે મિસિસ શેઠને મળવા ગઈ હતી. મિસિસ શેઠનું નામ સાંભળતાની સાથે જ તે થોડો અચકાયો. પરંતુ આનો અર્થ એ ન હતો કે તે ગભરાઈ ગયો હતો. તેણે વોરન્ટ કઢાવીને ‘શેઠ હાઉસ’ અને તેના આજુબાજુના રહેતા લોકોની પણ પુછપરછ કરી. પોતાની આટલા વર્ષની કારકિર્દીમાં સૌ પ્રથમ વખત કોઈ પોલિસ ઓફિસર સર્ચ વોરન્ટ લઈને આવ્યો હતો. આ વાતનો મી. શેઠને આઘાતની સાથે આશ્ચર્ય થતું હતું.જેના ઘરની સામેથી પણ પોલીસવાળો નીકળવાની હિંમત કરી શકતો ન હતો તે ઘરમાં આજે પોલીસફોર્સ આવી ગઈ હતી. ‘ઇન્સપેકટર રાઠોડ તમે આ એરિયામાં નવા છો તેથી તમે જાણતા નથી કે હું કોણ છું.’ મિ. શેઠ ગુસ્સાથી બરાડયા. જાણું છું તમે મુંબઈના મેયર છો ધનસુખલાલ શેઠ અને સાથે સાથે અંધારી આલમ સાથે સંબંધ પણ ધરાવો છો.’ ઈન્સ. રાઠોડે શાંતિથી હિંમતપૂર્વક જવાબ આપ્યો. ‘ આટલું જાણતાં હોવા છતાં તમે સિંહના મોઢામાં હાથ નાખી રહ્યા છો.’‘મને ફકત સિંહના મોઢામાં હાથ નાખવાનો નહીં પરંતુ સાથે સાથે દાંત પણ ગણવાનો શોખ છે. મિ. શેઠ.’ ‘આવો શોખ કયારેક ભારે પણ પડી શકે છે રાઠોડ’‘ તમે શું જાણવા માંગો છો ?’‘વેલ હું અનીતા જયસ્વાલ નામની છોકરીના ગુમ થયાના કેસમાં તપાસ કરી રહ્યો છું અને અમારી તપાસ દરમ્યાન અમને જાણવા મળ્યું છે કે ૧૦ માર્ચની સાંજે ૮ વાગ્યે તે શેઠ હાઉસમાં મિસિસ શેઠના બોલાવવાથી તેમને મળવા આવી હતી.’‘તો…’ ‘તો અમને આશા છે કે તેના ગુમ થયાની કોઈ કડી અહીંયા મળી જાય. શું તમે જણાવશે કે ૧૦ માર્ચના દિવસે સાંજે ૮ વાગ્યે તમે કયાં હતાં ?’હું મારી ઓફિસમાં હતો.‘આર યુ સ્યોર’‘તમને વિશ્વાસ ના આવતો હોય તો ઓફિસે ફોન કરીને પૂછી શકો છો ’ ઈન્સ. રાઠોડને લાગ્યું કે વધુ વાતચીતનો કોઈ અર્થ નથી તેથી તેઓ ત્યાથી ચાલયા ગયા. શેઠ

હાઉસની તપાસ દરમ્યાન ઘરમાંથી એક અમેરિકન મુળની રિવોલ્વોર અને સાથે કેટલીક કારતુસ પણ મળી આવ્યા હતા. તેના જવાબમાં મિ. શેઠે જણાવ્યું હતું કે તેઓ આ પોતાની સેફ્ટી માટે રાખે છે. અને આજુબાજુના લોકોની પુછપરછ દ્વારા જાણવા મળ્યું હતું કે તે દિવસે આઠેક વાગ્યે શેઠ હાઉસમાંથી ગોળી ફુટયાનો અવાજ પણ આવ્યો હતો. તેથી શંકાની સોય ફરીફરીને શેઠ હાઉસ તરફ જતી હતી. હજુ આ તપાસને પૂરા બાર કલાક પણ થયા ન હતા કે ઇન્સ. રાઠોડના ટેબલ પર બદલીનો પત્ર આવી ગયો. આ ઘટનાને મિડિયાએ પણ ચગાવી હતી. તેમને પણ ગુમ કરી દેવામાં આવ્યાં અંતે ફરી એકવાર જાદુઈ છડી ફેરવી દેવામાં આવી.

●●●

૨૦ વર્ષ પછી લંડનની પેલિકન સ્ટ્રીટમાં આવેલા ફ્લેટના ચોથા માળે ‘ગુડ મોર્નિંગ એવરી બડી’ મેયર પદેથી છૂટા થયા બાદ મિ. શેઠ અને મિસિસ શેઠ બંને લંડનમાં પોતાના પુત્ર-પુત્રી સાથે રહેવા આવી ગયા હતા. મુગ્ધા અને અજય એમ.બી.એ. કર્યા બાદ લંડનની એક સારી કંપનીમાં ઉંચા પગારે નોકરીએ લાગી ગયા હતા. કંપનીએ તેમને રહેવા માટે ફ્લેટ અને ગાડી આપ્યા હતા. ફક્ત લગ્ન કરવાના જ બાકી હતા. તે પણ મિ. શેઠે પતાવી દીધા. મુગ્ધાને ભારતીય મૂળના પણ લંડનમાં જન્મેલા કશ્યપ સાથે અને અજયને ભારતીય મુળની અને તેની કલાસમેટ અદિતિ સાથે પરણાવી દીધા. સવારનો ચા - નાસ્તો કરવા માટે આવેલા ધનસુખલાલે બધાને ગુડમોર્નિંગ કહ્યું અને નાસ્તો કરવા લાગ્યા.‘ અજય, તમે બધા એક વખત ભારત જઈ આવો તો સારું’ ધનસુખલાલે ચાની ચુસકી લેતા કહ્યું ‘હં.... આઈડિયા કંઈ ખોટો તો નથી જ. એ બહાને હું અને અદિતિ તમારું ઘર પણ જોઈ લઈશું. જમાઈએ સાથ પુરાવ્યો.

બીજી માર્ચે ભારતના મુંબઈ એરપોર્ટ પર વિમાને ઉતરાણ કર્યું. પોતાની માતૃભૂમિ પર ચારેય જણાં પહેલીવાર પોતાના પગ મૂકી રહ્યા હતાં. આમ તો અજય એકવાર આવી ગયો હતો. ચારેય જણાં ટેકસી કરીને શેઠ હાઉસ પહોંચ્યા. રાત પડી ગઈ હતી. રસ્તાઓ સુમસામ હતા. આ અંધકારમાં ‘શેઠહાઉસ’ ડરામણું લાગતું હતું. ચારેબાજુ ભયાનક શાંતિ હતી. પવન સુસવાટા મારી રહ્યો હતો. ચામાચિડિયા કિકિયારીઓ કરી રહ્યા હતા. ટેકસી ડ્રાઈવર તો કયારનોય માલ-સામાન મૂકીને જતો રહ્યો હતો. ચારેય જણાં અંદર ગયા. અજયે ઘરનો દરવાજો ખોલ્યો. ત્યાં જ ... ત્યાં જ એક કબૂતર તેના માથા પરથી ઉડીને ચાલ્યું ગયું. વર્ષોથી ઘર બંધ હોવાને કારણે તે કરોળિયા, કબુતર અને ચામાચિડીયાનું રહેઠાણ બની ગયું હતું. ઘરમાં અંધારું હતું. લાઈટની સ્વીચ કયાં છે ત શોધવા અજય મથામણ કરી રહ્યો હતો. એટલામાં તેને યાદ આવ્યું કે કદાચ મેઇન સ્વીચ ઓફ હશે. તે ચાલુ કરવા માટે ઘરના પાછળના ભાગમાં ગયો. ભેંકાર અંધારૂ હતું. હજુ અજય સ્વીચ પાડવા ગયો કે ત્યાં જ તેને લાગ્યું કે પાછળથી કોઈ સ્ત્રીનો હાથ તેને અડીને જતો રહ્યો. તેણે પાછળ જોયું તો અંધારામાં કોઈ દેખાયું નહીં. તે મનનો ભ્રમ સમજીને લાઈટની સ્વીચ પાડીને ઘરમાં આવ્યો. ચારેબાજુ કરોળિયાના જાળા, કબુતરના માળા થયેલા હતા. દરવાજો આપમેળે બંધ થઈ ગયો. ચારેય જણા ઉપર જવા સીડી ચડવા લાગ્યા. આ દરમ્યાન તેઓ એક જાજરમાન લાગતી સ્ત્રીના ચિત્ર પાસેથી પસાર થયા. અજયે તે પહેલીવાર જોયું હતું. માલસામાન લેવામાં કશ્યપ છેલ્લો રહી ગયો હતો. તે જયારે આ ચિત્ર પાસેથી પસાર થયો ત્યારે ચિત્રમાંથની સ્ત્રીના આંખોના ડાળાં સહેજ હલ્યાં. કશ્યપ આ જોઈને ગભરાઈ ગયો. કશ્યપને લાગ્યુ કે તેન ઉંઘ ચડી છે. માટે એવં દેખાયું. ચારેય જણા સુઈ ગયા. સવારે ઉઠવામાં બધાને મોડું થઈ ગયું હતું અને સાથે સાથે બધાને ભુખ પણ લાગી હતી. મુગ્ધા ઉઠીને સીધીજ બાથરૂમમાં જઈને બ્રશ કરવા લાગી હતી. બ્રશ કરતાં કરતાં તેણે જોયું કે વોશબેશીનના નળમાંથી લોહી પડી રહ્યું છે. થોડીવારમાં આખું વોશબેઝીન લોહીથી ભરાઈ ગયું હતું. તેણે ગભરાઈને ચીસાચીસ કરી મૂકી બધા કાથરૂમ તરફ દોડી આવયા. ‘શું થયું મુગ્ધા ?’’આ નળ .....આ નઈમાંથી લોહી પડે છે. ’ મુગ્ધાએબીતા બીતા કહ્યું. કશ્યપે વોશબેશીનમાં જોયું ‘કયાં છે લોહી મુગ્ધા ? આમાં તો કશું જ નથી. ’ હજુ તેં ચા પીધી નથી એટલે તું હજી ઉંઘમાં છે. ફટાફટ નીચે આવી જા નાસ્તો તૈયાર છે. અદિતિએ કહ્યું અને તે કિચન તરફ ગઈ. તે ચા લઈને ડાઈનીંગ ટેબલ પર મૂકવા આવી ત્યારે એક ખુરશી આપમેળે પાછળ ખસી. તેને લાગ્યું કે કોઈ બિલાડી જેવું પ્રાણી હશે. એટલે તે ખુરશી પાછી જગ્યાએ મૂકીને નાસ્તો લેવા કીચનમાં ગઈ. પાછી આવીને જુએ તો ખુરશી પાછી ખસેલી હતી. તેણે ડાઈનીંગ ટેબલ નીચે જોયું તો કંઈ ન હતું. તેથી તે ગભરાઈ ગઈ. ત્યાં સુધીમાં બધા આવી ગયા હતા.

આખો દિવસ ચારેય જણાએ ઘરની સાફસફાઈ કરી. સાંજે મુગ્ધા, અદિતિ અને ખજય ત્રણેય જણ ટીવી જોઈ રહ્યા હતા. કશ્યપ આખો દિવસના કામના કારણે થાકી ગયો હતો તે તેના રૂમમાં ફ્રેશ થઈ રહ્યો હતો ત્યારે અચાનક વોર્ડરોબનો દરવાજો ખુલ્યો તેને લાગ્યું કે મુગ્ધા આવી હશે. તેણે પાછળ વળીને જોયું તો ત્યાં કોઈ નહોતું. અને વોર્ડરોબનો દરવાજો ખુલ્લો

હતો. એટલીવારમાં રૂમની લાઈટ ચાલુ બંધ થવા લાગી. જોરજોરથી પવન ફૂંકાવા લાગયો. અરીસામાં તેને એક ધૂંધળી આકૃતિ દેખાવા લાગી અને લખ્યું હતું ૧૦ માર્ચ ૧૯૪૧ તે ગભરાઈને બુમો પાડવા લાગ્યો અને રૂમની બહાર આવી ગયો. અદિતિ, મુગ્ધા અને અજય ઉપર આવી ગયા. ‘ શું થયું કશ્યપ ? શું થયુ’ ‘અજય ત્યાં અરીસા ઉપર …’‘શું અરીસા ઉપર.’ અજય અંદર ગયો. ‘અહીંયા તો કશું જ નથી કશ્યપ ખોટી બુમાબુમ કરે છે.’ માંડમાંડ તેને સમજાવયો. રાત્રે તે બરાબર જમ્યો પણ નહીં. રાત્રે બધા જમીને સુવાની તૈયારી કરી રહ્યા હતા. સૌ સુઈ ગયા હતા પણ અજય હજુ જાગતો હતો તે સવારની અને સાંજની બનેલી ઘટનાથી ચિંતીત હતો. એટલામાં તેને બાથરૂમના પાણીનો નળ ચાલૂ હોવાનો અવાજ આવયો. તે બાથરૂમમાં નળ બંધ કરવા ગયો તે નળ બંધ કરીને પાછો ફરતો હતો ત્યારે અરીસા પર ધ્યાન ગયું તો અરીસામાં એક આકૃતિ આકાર લઈ રહી હતી. અને તેના પર લખ્યું હતું ૧૦ માર્ચ ૧૯૪૨ તે ગભરાઈને બુમો પાડવા લાગ્યો. અને બેભાન થઈ ગયો. બધા જાગીને બાથરૂમમાં આવયા તો ત્યાં અજય બેભાન હાલતમાં હતો. તેને રૂમમાં લાવીને સુવાડયો થોડીવારે તે ભાનમાં આવ્યો. ‘ભૂત…ભૂત’ શું થયું છે તમને બધાને કોઈને નળમાંથી લોહી ટપકતું દેખાય છે કોઈને ભૂત દેખાય છે તો કોઈને …’ આટલું બોલીને અટકી ગયો. તેને પોતાના અનુભવો યાદ આવયા. ચિત્રમાંની સ્ત્રીના આંખના ડોળા હલવા, વાર્ડરોબનો દરવાજો આપમેળે ખુલી જવો, અરીસામાં એ ધૂંધળી આકૃતિ, લોહીથી લખાયેલા અક્ષર આ બધું પણ તો પોતાની સાથે થયું હતું. ‘ના કશ્યપ, અજયની વાત સાચી છે મને પણ આવો અનુભવ થયો છે. આજે જયારે હું ડાઈનીંગ ટેબલ પર ચા મૂકી રહી હતી ત્યારે અચાનક એક ખુરશી આપમેળે ખસીને પાછળ જતી રહી એટલે પહેલાં તો હું ગભરાઈ ગઈ પણ મને લાગ્યું કે બિલાડી હશે એટલે મેં પાછી જગ્યાએ મૂકી અને પાછી આવીને જોઉં છું તો ખુરશી પાછી ખસેલી હતી.’ અને હા, કાલે આપણે જયારે આવ્યા ત્યારે લાઈટની મેઈન સ્વીચ ઓન કરવા હું પાછળ ગયો ત્યારે મને કોઈ સ્ત્રીનો સ્પર્શ થયો હોય તેવું લાગ્યું.’ ‘નક્કી આ ઘરમાં ભૂત છે અજયા’. અત્યાર સુધી ચુપ રહેલી મુગ્ધાએ કહ્યું, ‘હા, અને આવા અનુભવ આપણને ચારેયને થયા છે.’ આટલું કહીને તે ઉભો થઈ ગયો અને જોરથી બુમો પાડવા લાગ્યો. ‘કોણ છે તું? ક્યાંથી આવી છે તું? તુ જે પણ હોય સામે આવ. અમને આમ … આવી રીતે ડરાવે છે શું કામ?’ એટલીવારમાં રૂમની લાઈટ ચાલુબંધ થવા લાગી. નાઈટ લેમ્પ હલવા લાગ્યો. જોરથી પવન ફુંકાવા માંડ્યો. રૂમની બારીઓ જોરજોરથી પછડાવા લાગી. મુગ્ધા અને અદિતીએ ચીસા-ચીસ કરી મૂકી. એટલામાં રૂમના અરીસામાં એક ધૂંધળી આકૃતિ દેખાવા લાગી. આ આકૃતિ કોઈ સ્ત્રીની હોય તેવું દેખાઈ આવતું હતું. કારણકે તેના લાંબા કાળા વાળ હવામાં ઉડી રહ્યા હતા. ખુબ ભયાનક દશ્ય હતું એ. ધીરે-ધીરે આકૃતિ સ્પષ્ટ બનતી જતી હતી. જયારે આકૃતિ સ્પષ્ટ બની ત્યારે તે આબેહૂબ પેલી ચિત્રાકૃતિ જેવી લાગતી હતી. જે સીડીના બાજુમાં લગાવેલી હતી. થોડીવારમાં એ આકૃતિ અરીસામાંથી ઉપસીને બહાર આવી ગઈ અને ચારેય જણા સામે આવીને ઉભી રહી ગઈ, ‘ક… ક… કોણ છો તમે?’ અજયે, ગભરાતા ગભરાતા પુછયું, ‘હું અનિતા છું’. ‘અનિતા ક … કોણ અનિતા.’ ‘એજ અનિતા જેનું ખૂન આજથી ૨૦ વર્ષ પહેલા ધનસુખલાલ શેઠે કર્યું હતું.’ ધનસુખલાલ શેઠે?’ ‘હા, ધનસુખલાલ શેઠે.’ એ શક્ય નથી મુગ્ધા બોલી. ‘મારા પપ્પા આવું કરે જ નહીં’. વિશ્વાસ નથી આવતોને મને પણ વિશ્વાસ નહોતો કે મારું મર્ડર કરી નાખવામાં આવશે. પણ કરવામાં આવ્યું એ હકીકત છે. ‘આ … આ બધું થયું કઈ રીતે?’ અજય બોલ્યો.

‘એ દિવસ હતો ૧૦ માર્ચ ૧૯૪૧ સવારે ૯ વાગ્યે હું મંજુલાબેન શેઠ એટલે તારી મમ્મીને મળવા હું મહિલા વિકાસ મંડળમાં મળવા ગઈ. હું નોકરી કરવા ઈચ્છતી હતી. તેમણે મને કહ્યું કે મારા પતિને એક સેક્રેટરીની જરૂર છે. શું તું કરીશ. મેં હા પાડી તેમણે મને સાંજે આઠ વાગ્યે શેઠ હાઉસમાં આવી જવા કહ્યું. ખરેખરતો તારા પપ્પાને એક સેક્રેટરીની નહી પરંતુ એક એવી છોકરીની જરૂર હતી જે દેખાવડી હોય અને સરળતાથી ડ્રગ્સ, દારૂ જેવા માલસામાનની હેરફેર કરી શકે. ‘ડ્રગ્સ, દારૂ?’ અજયે આશ્ચર્યથી પુછયું. ‘હા, અજય તારા પિતા ધનસુખલાલ શેઠને બધા એક સારા સમાજ સેવક માનતા હતા પરંતુ આનો લાભ ઉઠાવીને તે મર્ડર, ડ્રગ્સ, દારૂ, હથિયારી વગેરેની લે-વેચ કરતા હતા. અને અંધારી આલમ સાથે સારા સંબંધો ધરાવતા હતા. તે દિવસે સાંજે છ વાગ્યે હું તારી મમ્મીના કહ્યા મુજબ શેઠ હાઉસ પહોંચી ગઈ, હું ઘરમાં ગઈ. નોકરે કહ્યું, ‘બેસો હું શેઠને બોલાવું છું.’ થોડીવાર પછી તારા પપ્પા આવ્યા. તો તમેજ અનીત. એમ આઈ રાઈટ?

‘જી, હા.’

‘મારે એક એવી છોકરીની જરૂર છે જે હથિયારો અને ડ્રગ્સની સરળતાથી હેરફેર કરી શકે’ અને એ માટે તું પરફેકટ છે અનિતા’.

‘શું? શું કહ્યું તમે. હું કાંઈ સમજી નહીં.’

'બધું જ સમજાઈ જશે' એમ કહીને તેમણે અસ્લમ નામના વ્યક્તિને બુમ મારી. તે તેના બીજા ચાર સાથીદારો સાથે હાથમાં સુટકેસ લઈને આવ્યો અને મારી સામે ખોલીને મુકી દીધી. અંદર ડ્રગ્સના પેકેટ, વિદેશી હથિયારો અને વિદેશી દારૂની બોટલો હતી. આ બધું જોઈને તો હું દંગ જ રહી ગઈ. 'આ ચાર સ્યુટકેશ તારે ગુજરાત પહોંચાડી દેવાની છે અને આ કામ માટે તને પુરા દસ લાખ રૂા. મળશે અને આ રહ્યા પાંચ લાખ એડવાન્સ. બાકીના કામ પત્યા પછી.' અને જો હું આ ન કરું તો, એ છોકરી શેઠે કહ્યું, એટલે કરી નાખવાનું નહીંતર.'

'નહીંતર શું?' 'નહીંતર તારું પણ મર્ડર કરી નાખવામાં આવશે' એમ કહીને એવો રિવોલ્વર મારા માથે તાકી દીધી. 'હું આ કામ નહીં કરું ધનસુખલાલ શેઠ.' 'તો મરવાનો વારો આવશે.' અસલમનું ધ્યાન બીજા તરફ જતાં જ મેં તેના હાથમાંની રિવોલ્વરને ધકો મારી બહાર ભાગવા ગઈ. ત્યાંજ ધનસુખલાલ શેઠે મારી પર ગોળીઓનો વરસાદ વરસાવ્યો. હું ત્યાં જ મરી ગઈ. તેમણે મારી લાશ આ ઘરની પાછળના કમ્પાઉન્ડમાં દાટી દીધી. ત્યારબાદ પોલિસ ઈન્કવાયરી પણ થઈ. પણ કંઈ વળ્યું નહીં અને છેવટે કેસની ફાઈલ બંધ કરી દેવામાં આવી. હવે તારે જ ધનસુખલાલ શેઠને સજા આપવાની છે અજય. તો જ મારી આત્માને શાંતિ મળશે. શું તું મારી મદદ કરીશ અજય?

'હા, હવે તો હું પણ ધનસુખલાલ શેઠને સજા કરાવીશ. હવે તો એમને પપ્પા કહેતા પણ શરમ આવે છે'. 'બોરીવલી પોલિસ સ્ટેશનમાં મારી ફાઈલ હજુ પણ અકબંધ પડી છે. તે રી-ઓપન કરાય અને જરૂર પડે તો ભાયખલાના પી.આઈ.રાઠોડની પણ સલાહ લેજે.

અજય અને કશ્યપ બંને જણા બોરિવલી પોલિસ સ્ટેશને ગયા અને અનિતા ખુન કેસની ફાઈલ રી-ઓપન કરાવી. ત્યારબાદ તેઓ ઈ. રાઠોડ પાસે ગયા. અજયે તેમને બધી વાત કરી. પહેલા તો ઈ. રાઠોડને તેમની પર વિશ્વાસ ના આવ્યો. પણ જ્યારે અનિતા પોતે પોલિસ સ્ટેશનમાં આવી ત્યારે તેમને વિશ્વાસ આવ્યો. અનિતાએ તેમને શેઠ હાઉસના સ્ટોર રૂમમાંથી રૂપિયા ચોર્યાસી લાખનો ડ્રગ્સ, રૂપિયા પચાલ લાખ ઉપરાંત દારૂ અને અન્ય ઘાતક હથિયારો જપ્ત કરાવ્યા. ઈ. રાઠોડે બોરીવલીના ઈ. એમ.પી. પરમારને આ કેસ ગંભીરતાથી લેવાની વિનંતી કરી. અને ૧૦ માર્ચ ૧૯૯૧ બરાબર ૨૦ વર્ષ પછી એજ દિવસે ધનસુખલાલ શેઠ અને મંજુલાબેન શેઠની ટ્રાન્સફર વોરંટના આધારે લંડનમાં ધરપકડ કરી. ધનસુખલાલે અને મંજુલાબેને અજયની માફી માંગી. 'અમને માફ કરી દે દિકરા.' માફી, તો તમારે અનિતાની માંગવાની છે, ધનસુખલાલ શેઠ. આજે પહેલી વખત એક દીકરો પોતાના સગા બાપને હાથકડી પહેરાવી રહ્યો હતો. ત્યારબાદ અજયે શેઠ હાઉસના પાછળના કમ્પાઉન્ડમાં ખોદકામ કરાવ્યું. તો અનિતાની લાશના હાડકાં મળી આવ્યા. તે નદીમાં પધરાવી આવ્યા. આ દિવસ પછી અનિતા ક્યારેય દેખાઈ નથી.

આપણા સમાજમાં આજે પણ આવા કેટલાય ધનસુખલાલ શેઠ છે. જે આના ધૃણાસ્પદ કૃત્યો કરતા રહે છે. છતાં તેમને રોકવાને બદલે તેમને પ્રોત્સાહન આપવામાં આવે છે અને આમાં ઘણી વખત પોલીસ પણ કશું કરી શકતી નથી. આના ધનસુખલાલોને આપણેજ સજા અપાવવી જોઈએ. આ વિશે આપણે જ જાગૃત થવાની જરૂર છે. 'મારા એકલાથી શું થશે, એવું વિચારીને બેસી રહેવાથી કશું નહિં થાય. આજે તમે ઉભા થશો તો કાલે તમારી પાછળ આખો સમાજ હશે. જો આ અંગે જાગૃતિ નહીં આવે તો ઘરે-ઘરે 'ધનસુખલાલ શેઠ' હશે. અને 'અનિતા' આપણી જ મા-દીકરી હશે.

(ખાસ નોંધ : વાર્તામાં રહેલ પાત્રો અને ઘટના કાલ્પનિક છે. તેને ભૂત, ભવિષ્ય, વર્તમાન સાથે કોઈ સંબંધ નથી અને જો હશે તો તે માત્ર એક સંયોગ માનવામાં આવશે.)

**વરૂણ એચ. પટેલ**
(એફ.વાય.બી.કોમ., રોલ નં. ૨૫૩)